U.S. Small Business Administration

# શટરવાળા સ્થળનાં ઓપરેટરોને અનુદાન

એપ્લિકેશન ચકાસણીની યાદી | 28 જુલાઇ, 2021

શટરવાળા સ્થળનાં ઓપરેટરોને અનુદાન એપ્લિકેશન (SBA ફોર્મ 3515) માટે એપ્લિકેશન કરનારે અનુદાન સાથે અનુપાલન અને શટરવાળા સ્થળનાં ઓપરેટરોને અનુદાન (SVOG) માટે લાયકાતની જરૂરિયાતો દર્શાવવા માટે એપ્લિકેશનની સાથે સહાયક દસ્તાવેજો સબમિટ કરવા જરૂરી છે.

SVOG એપ્લિકેશનની સામગ્રીઓ એકત્ર કરવા અને તૈયાર કરવામાં મદદરૂપ થવા માટે, SBA દ્વારા નીચે દર્શાવેલ એપ્લિકેશન માટેની ચકાસણીની યાદી પૂરી પાડવામાં આવી રહી છે. આમાંથી કેટલીક એવી વસ્તુ છે જેની જરૂર પડશે, અને કેટલાક લાયકાતના સહાયક પુરાવા તરીકે સબમિટ કરી શકાય તેવા દસ્તાવેજીકરણના ઉદાહરણો છે.  તમામ દસ્તાવેજો વાચ્ય હોવા જરૂરી છે અને પ્રમાણિકરણ દસ્તાવેજો સહી કરેલા અને તારીખ લખેલા હોવા જરૂરી છે. ચકાસણીની આ યાદીના અગાઉનાં સંસ્કરણોમાં કરેલા ફેરફારો/અપડેટ્સ વસ્તુ પૂર્વે * સાથે સૂચવવામાં આવ્યા છે.

પ્રોગ્રામની લાયકાત, વ્યાખ્યાઓ વગેરે પર વધારાની માહિતી માટે, SVOG વારંવાર પૂછાતા પ્રશ્નો (SVOG FAQ)નો સંદર્ભ લો અને તેની ધ્યાનથી સમીક્ષા કરો.

# જરૂરી  દસ્તાવેજીકરણ, માહિતી અને ટેકનોલોજી

## તમામ અરજકર્તાઓ

### ટેકનોલોજી

- ☐ *ઇન્ટરનેટનો ઍક્સેસ અને સુસંગત બ્રાઉઝર
  - SVOG એપ્લિકેશન પોર્ટલ Microsoft Edge, Google, Firefox અને Safari ના અદ્યતન સંસ્કરણમાં શ્રેષ્ઠ કામગીરી કરશે. તે Internet Explorer માં કામ કરશે નહીં.
- ☐ *પ્રમાણીકરણ એપ ઇન્સ્ટોલ કરેલી હોય તેવો સ્માર્ટફોન
  - SVOG ઑનલાઇન એપ્લિકેશન પોર્ટલને લોગિન વખતે બહુ-પરિબળ પ્રમાણીકરણની જરૂર પડે છે. અરજદારને પ્રમાણીકરણકર્તા ઇન્સ્ટોલ કરેલા સ્માર્ટફોનને ઍક્સેસ કરવાની જરૂર પડશે. અરજદારો પાસે પોતાનો ફોન હોવો જરૂરી નથી.
  - પ્રમાણીકરણકર્તા એપ્લિકેશનો (Salesforce, Google, Authy વગેરે) Android ઉપકરણો પર Google Play એપ અને Apple ઉપકરણો પર એપ સ્ટોરમાં મેળવી શકાય છે. આ ફક્ત તમારા એકાઉન્ટના પ્રમાણીકરણ માટે છે. SBA ફોન દ્વારા તમારો સંપર્ક કરશે નહીં.

☐ *માન્ય ઈમેલ એડ્રેસ

- SBA તમારી એપ્લિકેશન સંબંધિત તમામ સંદેશાવ્યવહાર ઈમેલ દ્વારા કરશે. SVOG માટે એપ્લિકેશન કરવા માટે તમારી પાસે માન્ય ઈમેલ એડ્રેસ હોવું આવશ્યક છે.

## સંગઠનાત્મક અને ઓળખ સંબંધિત દસ્તાવેજો

☐ જરૂરિયાતનું લેખિત પ્રમાણીકરણ

- સારા વિશ્વાસનું પ્રમાણીકરણ કે વર્તમાન આર્થિક સ્થિતિઓની અનિશ્ચિતતા લાયક વ્યક્તિ અથવા સંસ્થાની ચાલું કામગીરીઓને સપોર્ટ કરવા માટે અનુદાનને જરૂરી બનાવે છે.
- જો સંસ્થા હાલમાં કામગીરીમાં હોય તો, જણાવવું અનિવાર્ય છે કે ભંડોળ મળ્યા બાદ સંસ્થા કામગીરીમાં રહેશે. જો સંસ્થા હાલમાં શટર પાડેલી છે, તો વિધાનમાં સમાવવું અનિવાર્ય છે કે અંદાજિત ઓપનિંગ તારીખથી ફરીથી ખોલવાનો નિર્ધાર ધરાવે છે.
- તમામ વિધાનોમાં ખાતરીનો સમાવેશ કરવો અનિવાર્ય છે કે સંસ્થા 29 ફેબ્રુઆરી, 2020 નાં રોજ સંપૂર્ણ રીતે કાર્યરત હતી.
- SVOG FAQ માં ભાષા છે જે અરજદાર જરૂરિયાતના પ્રમાણીકરણ માટે ઉપયોગમાં લઇ શકે છે.

☐ સરકાર દ્વારા જારી કરવામાં આવેલું વ્યવસાયના માલિક અથવા સંસ્થાના અધિકૃત પ્રતિનિધિનું ફોટો ID

- વ્યવસાયના માલિક અથવા સંગઠનના અધિકૃત પ્રતિનિધિના ફોટો ID ના આગળના ભાગની નકલ. IDનાં સ્વીકાર્ય સ્વરૂપો સ્ટેટનું ડ્રાઇવરનું લાઇસન્સ અથવા ઓળખ કાર્ડ, પાસપોર્ટ બુક, પાસપોર્ટ કાર્ડ, યુ.એસ. કાયમી નિવાસી કાર્ડ, વગેરે છે.

☐ વ્યવસાયનું લાઇસન્સ, જો લાગુ પડે તો

- જો તમારી સંસ્થાને શહેર, કાઉન્ટી અથવા સ્ટેટના કાયદા અનુસાર વ્યવસાયના લાઇસન્સની જરૂર હોય તો, તેની નકલ પ્રદાન કરો.

☐ * દરેક અરજદારના સંલગ્નનું નામ, EIN, અને DUNS નંબર, જો લાગુ પડે તો

- જો તમારી સંસ્થામાં સંલગ્નો (સમાન માલિકી, મેનેજમેન્ટ અથવા કરાર અથવા અન્ય કાયદેસર સમજૂતી કરારના આધારે જોડાયેલી સંસ્થાઓ) હોય તો, તમારે નામ, EIN, અને DUNS નંબરો સાથે યાદી પ્રદાન કરવાની રહેશે.
- સંલગ્નો વિશે વધારે માહિતી માટે, SVOG FAQ જુઓ.

## નાણાકીય દસ્તાવેજો

☐ 2019નું ટેક્સ રીટર્ન

- જો 2019 નાં કોઇપણ ભાગ માટે કામગીરીમાં હોય, તો તમામ શેડ્યૂલ સહિત સંસ્થાનાં 2019 નાં ટેક્સ રીટર્નની એક નકલ.

☐ 2020નું ટેક્સ રીટર્ન

- જો અરજદારે પહેલાંથી જ 2020 ટેક્સ ફાઇલ કરેલ હોય તો, અરજદારને એપ્લિકેશન કરતી વખતે તમામ

શેડ્યૂલ સહિત 2020નું ટેક્સ રીટર્ન પ્રદાન કરવાની જરૂર પડશે.
  - જો અરજદારે હજુ સુધી 2020ના ટેક્સ ફાઇલ ના કર્યા હોય તો, અરજદારને જો SVOG આપવામાં આવેલ હોય તો ફાઇલિંગ વખતે તમામ શેડ્યૂલ સહિત 2020નું ટેક્સ રીટર્ન પ્રદાન કરવાની જરૂર પડશે.
- ☐ 2018નું ટેક્સ રીટર્ન (ફક્ત બિન-નફાકારક સંસ્થાઓ કે જેમણે તેમનું 2020નું નાણાકીય વર્ષ પૂરું ના કર્યું હોય તેમના માટે જરૂરી છે)
  - જે બિન-નફાકારક સંસ્થાઓ 2020ના નાણાકીય વર્ષ સુધી ના પહોંચી હોય તેમના માટે, તમામ શેડ્યૂલ સહિત, સંસ્થાની 2018ના ટેક્સ રીટર્નની નકલ.
- ☐ *નાદારી દસ્તાવેજો (જો પ્રકરણ 11 અથવા પ્રકરણ 13 નાદારી હોય તો જ જરૂરી છે)
  - જેમકે, નાદારીની પીટીશનની નકલ, નાદારીની પ્રક્રિયાની વર્તમાન ડોકેટ શીટ, નાદારી પ્લાનની પુષ્ટિનો ઓર્ડર અથવા રુખસદનો ઓર્ડર અથવા કેસ બંધ કરવાનો ઓર્ડર.
- ☐ ટેક્સ મુક્તિ સ્થિતિ દસ્તાવેજીકરણ (501(a) મુક્તિ સ્થિતિ, સરકારી પ્રકરણના ફોર્મમાં), જો લાગુ પડે તો
  - જો તમને 2019 અને 2020 ફેડરક ટેક્સમાંથી મુક્ત રાખવામાં આવ્યા હતા તો, તમારી મુક્તિની સ્થિતિની ચકાસણી કરતો દસ્તાવેજ અપલોડ કરો.
  - નોંધી લેશો કે, ટેક્સ ફાઇલ કરવામાંથી મુક્તિ અને ટેક્સ ચુકવણીમાંથી મુક્તિ બંને અલગ અને ભિન્ન છે.

### પ્રમાણભૂત ફોર્મ્સ

- ☐ SF-424B – એશ્યોરન્સ ફૉર નોન-કન્સ્ટ્રક્શન પ્રોગ્રામ્સ
  - પ્રમાણિત કરે છે કે સંસ્થા અનુદાન પ્રોગ્રામનું સંચાલન કરતા ફેડરલ કાયદાઓ, કાર્યકારી હુકમો, નિયમનો, અને નીતિઓની લાગું પડતી આવશ્યકતાઓનું અનુપાલન કરશે. આ SAM.gov નોંધણીનો પણ હિસ્સો છે.
- ☐ ડ્રગ-ફ્રી કાર્યસ્થળનું પ્રમાણીકરણ
- ☐ SBA ફોર્મ 1623, ડીબાર્મેન્ટ, સસ્પેન્શન, અને અન્ય જવાબદારીની બાબતો સંબંધિત પ્રમાણીકરણ
- ☐ SBA ફોર્મ 1711, લોબિંગ અને લોબિંગ પ્રવૃત્તિઓના ડિસ્ક્લોઝર સંબંધિત પ્રમાણીકરણ - જે સંસ્થાઓ લોબિંગમાં જોડાયેલી ના હોય તેમના માટે જરૂરી છે, લાગુ પડે તેમ
- ☐ * SF-LLL લોબિંગ પ્રવૃત્તિઓનું ડિસ્ક્લોઝર – જે સંસ્થાઓ લોબિંગ પ્રવૃત્તિઓમાં જોડાયેલી હોય તેમના માટે જરૂરી છે, લાગુ પડે તેમ
  - કોઇપણ લોબિંગ પ્રવૃત્તિઓના પ્રકાર અંગે વર્ણન કરતું પ્રમાણીકરણ.
- ☐ * SVOG-વિશિષ્ટ 4506-T – ટેક્સ રીટર્નની ટ્રાન્સક્રિપ્ટ માટે SVOG વિનંતી - એવા અરજદારો માટે જરૂરી છે જેમણે 1040, 1065, 1120, 1120-S, 990 અથવા 990-EZ ટેક્સ ફોર્મ ફાઇલ કર્યા હોય

## અરજકર્તા-વિશિષ્ટ દસ્તાવેજો

### જીવંત સ્થળનાં ઓપરેટર અથવા પ્રોમોટર, થીએટરીકલ પ્રોડ્યુસર, અથવા લાઇવ પરફોર્મિંગ આર્ટ્સ ઓર્ગેનાઇઝેશનનાં ઓપરેટર

- ☐ જો અરજકર્તા સ્થળનાં ઓપરેટર હોય તો: વ્યાખ્યાયિત પરફોર્મન્સ અને પ્રેક્ષકોનાં ક્ષેત્રો અને જો પરફોર્મન્સ સ્થળ માટે બહારની જગ્યાનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તો મેદાનના પ્લાનનું નિરૂપણ કરતો ફ્લોર પ્લાન (અથવા તુલનાત્મક દસ્તાવેજીકરણ)

### મોશન પિક્ચર થીએટર ઓપરેટર

- ☐ પ્રોજેક્શન બૂથ અથવા મોશન પિક્ચર પ્રોજેક્ટર સામેલ હોય તેવી જગ્યાને ઓળખે તેવી સુવિધા માટે ફ્લોર પ્લાન

### સંગ્રહાલયનાં ઓપરેટર

- ☐ ઇન્ડોર પ્રદર્શન જગ્યા અને ઓછામાં ઓછું એક ઓડિટોરિયમ, થિયેટર અથવા અચલ બેઠક વ્યવસ્થા સાથે પરફોર્મન્સ અથવા લેક્ચર હોલનું નિરુપણ કરતો ફ્લોર પ્લાન (અથવા તુલનાત્મક દસ્તાવેજીકરણ)
    - ○ જેમાં ઓડિટોરિયમ, થિયેટર અથવા પરફોર્મન્સ અથવા લેક્ચર હોલ માટે બહારની જગ્યાનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તો મેદાનનો પ્લાન સામેલ હોવો જોઇએ.
- ☐ રાજ્ય અથવા સ્થાનિક મહામારી સંબંધિત ભોગવટા પ્રતિબંધોના વટહુકમોનું દસ્તાવેજીકરણ (સરકારી અધિકારીઓ અથવા કચેરીઓના આદેશો)ની લિંક સાથેનો દસ્તાવેજ
    - ○ રાજ્યની અથવા સ્થાનિક આદેશોની નકલ જે મ્યુઝિયમને અસર કરતા હોય તેવા ભોગવટા પર મર્યાદાનું નિરૂપણ કરતા હોય.
    - ○ દસ્તાવેજોની લિંક્સ અથવા નકલો (જેમકે, .pdf અથવા .doc પ્રતિબંધો) સ્વીકારવામાં આવશે.
- ☐ બિન-નફાકારક અથવા નફા-માટે-નહીં સ્થિતિનું દસ્તાવેજીકરણ (ટેક્સ-મુક્તિ સ્થિતિ પત્રના રૂપમાં - ફક્ત બિન-નફાકારક સંસ્થાઓ માટે જરૂરી છે)

# સહાયક દસ્તાવેજીકરણ, માહિતી અને ટેકનોલોજીના ઉદાહરણો

ઉપરોક્ત ઓળખવામાં આવેલા જરૂરી દસ્તાવેજો ઉપરાંત, SBA દ્વારા સહાયક દસ્તાવેજીકરણના પ્રકારોની યાદી નીચે આપવામાં આવી છે જેનો ઉપયોગ અરજદાર ચોક્કસ લાયકતા જરૂરિયાત માટે સુસંગત છે તેવું બતાવવા માટે થઇ શકે છે. આ યાદીમાં આપવામાં આવેલા ઉદાહરણો સંપૂર્ણ નથી અને અરજદારોને જો લાગતું હોય તે કોઇ અન્ય દસ્તાવેજો તેમની લાયકાતને સહકાર આપવામાં મદદ કરી શકે છે તો તેમને તે સબમિટ કરવા માટે આમંત્રિત કરવામાં આવે છે. તમામ દસ્તાવેજો સુવાચ્ય હોવા જરૂરી રહેશે.

# તમામ અરજકર્તાઓ

## ટેકનોલોજી

- ☐ *વ્યવસાયની વેબસાઇટનું એડ્રેસ, જો લાગુ પડે તો
  - જો અરજદાર સંસ્થાનું વ્યવસાયનું એડ્રેસ હોય તો, તે એડ્રેસ પ્રદાન કરો.
  - જો અરજદારની પોતાની વેબસાઇટનું એડ્રેસ ના હોય તો, સોશિયલ મીડિયા પર અરજદારના પેજની લિંકનો ઉપયોગ કરી શકાય છે.
- ☐ * સોશિયલ મીડિયામાં ઉપસ્થિતિ (સોશિયલ મીડિયા પોસ્ટ્સમાં લિંક, સોશિયલ મીડિયા પોસ્ટ્સના સ્ક્રીનશોટ અથવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જાહેરાત કરવા માટે કરેલી ચુકવણીની રસીદોના રૂપમાં)

## સંગઠનાત્મક અને ઓળખ સંબંધિત દસ્તાવેજો

- ☐ વ્યવસાયની રચના કરવાના દસ્તાવજો
  - ઉદાહરણોમાં સામેલ કરવા સંબંધિત આર્ટિકલ, અસ્તિત્વમાં હોવાનું પ્રમાણપત્ર, સંસ્થાનું પ્રમાણપત્ર, રાજ્ય LLC સમજૂતી, રચના કરવાનું પ્રમાણપત્ર, રચના કરવાના આર્ટિકલ અથવા ભાગીદારી સમજૂતીઓ, ઓપરેટિંગ સમજૂતી, ડુઇંગ બિઝનેસ એઝ (DBA) પ્રમાણપત્ર, રાજ્ય અથવા શહેરની સરકાર તરફથી ગુડ સ્ટેન્ડિંગનું પ્રમાણપત્ર વગેરે સામેલ છે.
  - આ દસ્તાવેજો સબમિશનનાં સમયે માન્ય હોવા અનિવાર્ય છે અને તમામ આવશ્યક હસ્તાક્ષરો ધરાવતા હોવા જોઇએ.
- ☐ વ્યવસાયે કામગીરી શરૂ કરી હોય તે તારીખને સમર્થન આપતા દસ્તાવેજો
  - ઉદાહરણમાં ત્રિમાસિક રીટર્ન ફાઇલિંગ, નાણાકીય સ્ટેટમેન્ટ્સ, પેરોલના દસ્તાવેજો, ઉપર સંદર્ભ આપેલા વ્યવસાયની રચના કરવાના દસ્તાવેજો, વ્યવસાયનું લાઇસન્સ વગેરે સામેલ છે.
- ☐ *વ્યક્તિગત દસ્તાવેજો
  - સંસ્થા માટે કર્મચારીઓ કામ કરી રહ્યા હોવું સમર્થન કરતા દસ્તાવેજો. ઉદાહરણોમાં નોકરીના શીર્ષક અને કર્મચારીની સ્થિતિ (ફુલ અથવા પાર્ટ ટાઇમ) સાથે કર્મચારીઓની યાદી, કોન્ટ્રાક્ટ, પેરોલના રેકોર્ડ, જોબનું વિવરણ વગેરે સામેલ છે.
  - વધારાની માહિતી માટે SVOG FAQ જુઓ.

## નાણાકીય દસ્તાવેજો

- ☐ સબમિટ કરેલા ટેક્સ રીટર્નની નકલો જેમાં 2019 અને 2020ના તમામ રીટર્ન આવરી લીધા હોય, જેમાં ઉપયોગમાં લીધેલા કોઇપણ અને તમામ શેડ્યૂલ સહિત, જેમકે:
  - IRS ફોર્મ 1040 શેડ્યૂલ C
  - IRS ફોર્મ 1065 (K-1s સહિત)

- ○ નાણાકીય વર્ષ ફાઇલકર્તાઓને 2019 આવરી લેવા માટે ટેક્સ વર્ષ 2018 માટેના રીટર્ન સબમિટ કરવાની જરૂર પડી શકે છે

☐ સહી કરેલ નાણાકીય સ્ટેટમેન્ટ્સ જેમાં 2019, 2020 અને 2021ના ત્રિમાસિક ગાળાઓ આવરી લીધા હોય, જેમકે આવકનાં સ્ટેટમેન્ટ્સ અથવા નફા અને ખોટનાં સ્ટેટમેન્ટ્સ

- ○ માસિક અથવા ત્રિમાસિક આવકનાં સ્ટેટમેન્ટ્સ અથવા નફા અને ખોટના સ્ટેટમેન્ટ્સ જે આવક તમામ સ્રોતો અને ખર્ચાઓનું નિરૂપણ કરતા હોય.
- ○ જો સંસ્થા 2019 માટે બિઝનેસમાં ન હતી, તો તે કામગીરીમાં હતી તે તમામ ત્રિમાસિકો માટે આવકનાં સ્ટેટમેન્ટ્સનો સમાવેશ કરો.

☐ તૃતીય પક્ષ દ્વારા પૂર્ણ કરેલ હોય તેવા સહી કરેલ નાણાકીય ઓડિટ

- ○ સૌથી તાજેતરમાં ઓડિટ કરવામાં આવેલા નાણાકીય સ્ટેટમેન્ટ (2019) અથવા સિંગલ ઓડિટ (જો લાગું પડતું હોય) અથવા એવી વેબસાઇટની લિંક જ્યાંથી રીપોર્ટનું સ્થાન મળી શકે.

☐ તૃતીય પક્ષ ટિકિસ સિસ્ટમ અથવા તૃતીય પક્ષ મર્ચન્ટ એકાઉન્ટ્સ

☐ ઉપરોક્તમાંથી કોઇપણ એક સાથે સંયોજનમાં CPA રાહત પત્ર અથવા CPA ફર્મ પ્રમાણિતા સ્વીકારવામાં આવે છે (પરંતુ જરૂરી નથી)

# અરજકર્તા-વિશિષ્ટ દસ્તાવેજો

## જીવંત સ્થળનાં ઓપરેટર અથવા પ્રોમોટર, થીએટરીકલ પ્રોડ્યુસર, અથવા લાઇવ પરફોર્મિંગ આર્ટ્સ ઓર્ગોનાઇઝેશનનાં ઓપરેટર

☐ સ્થળ ઑડિયો મિક્સિંગ ઇક્વિપમેન્ટ, જાહેર સંબોધન સીસ્ટમ, અને લાઇટિંગ રિગ ધરાવે છે તેવું દર્શાવતા દસ્તાવેજો

- ○ ઉદાહરણોમાં હેતુ અથવા ઇન્સ્ટોલેશનની રસીદો, વસ્તુઓને આવરી લેતા વીમાના દસ્તાવેજો, ફોટોગ્રાફ, સ્થળના વિવરણની શીટ અથવા અન્ય દસ્તાવેજીકરણ કે જે પુરવાર કરે કે સ્થળમાં આ ઉપકરણો છે તે સામેલ છે.

☐ જો અરજકર્તા તેઓ ઓપરેટ ન કરતા હોય તેવા સ્થળો પર લાઇવ પરફોર્મિંગ આર્ટ્સ ઇવેન્ટ્સનું પ્રોમોશન કે નિર્માણ કરતા હોય તો, ઇવેન્ટ્સનું દસ્તાવેજીકરણ

- ○ ઉદાહરણોમાં અરજકર્તાએ 1 જાન્યુઆરી 2019થી 29 ફેબ્રુઆરી 2020 વચ્ચે પ્રમોટ, પ્રોડ્યૂસ, સંચાલિત અથવા લાઇવ ઇવેન્ટ હોસ્ટ કરી હોય તે સ્થળોની યાદી; કલાકારો સાથે શોની યાદીઓ અને કોન્ટ્રાક્ટ્સ/મેમોરેન્ટ્સમ; અથવા પ્રોફેશનલ ઇન્ડસ્ટ્રી ડેટાબેઝ અથવા રજિસ્ટ્રીમાં પ્રોફાઇલ સામેલ છે.

☐ માર્કેટિંગની સામગ્રીઓ

- ઉદાહરણોમાં પ્રિન્ટ અથવા ઇલેક્ટ્રોનિક જાહેરાત, જાહેરાત માટેની ચૂકવણીઓની રસીદો, સોશિયલ મીડિયા પૃષ્ઠો વગેરેની નકલોનો સમાવેશ કરે છે જે ઇવેન્ટ શીર્ષકો, સમયો અને તારીખો, અને ટિકીટનાં ભાવ અથવા પ્રવેશની આવશ્યકતા યાદીગત કરતા હોય તે સામેલ છે.
- જો તમે 2019માં 10 અથવા ઇવેન્ટ્સ કરી હતી તો, તમારી સંસ્થાને શ્રેષ્ઠ રીતે રજૂ કરી શકે તેમ તમને લાગતુ હોય તેવી 10 ઇવેન્ટ્સ માટે સપોર્ટ પ્રદાન કરો.
- જો તમે 10 કરતાં ઓછી ઇવેન્ટ કરી હતી તો, તમામ ઇવેન્ટ્સ માટે સપોર્ટ પ્રદાન કરો.

☐ ફેબ્રુઆરી 2020ના પરફોર્મન્સ માટે બોક્સ ઓફિસ/ટિકિટિંગ માહિતી
- ઉદાહરણોમાં લેજર, આવકના સ્ટેટમેન્ટ્સ, બોક્સ ઓફિસના રિપોર્ટ વગેરે સામેલ છે. તારીખો, કલાકારો અથવા ઇવેન્ટ્સ, ટિકીટનાં ભાવો, અને વેચાણ થયેલી ટિકીટોની સંખ્યા દર્શાવતો હોવો જોઇએ. ફેબ્રુઆરી 2020 નાં તમામ પરફોર્મન્સ માટે રીપોર્ટ પ્રદાન કરો.
- જો ફેબ્રુઆરી 2020 માં સ્થળ કામગીરીમાં હતું પણ કોઇ પરફોર્મન્સ થયા ન હતા, તો જાન્યુઆરી 2019 અને જાન્યુઆરી 2020 વચ્ચેનાં એક મહિનાનો પસંદ કરો અને તે દસ્તાવેજીકરણ પ્રદાન કરો.

☐ કલાકાર પરફોર્મન્સ સમજૂતી
- ઉદાહરણોમાં કરારો, નાણાકીય દસ્તાવેજીકરણ અને પરફોર્મન્સ સમજૂતીઓ સામેલ છે.

## મોશન પિક્ચર થીએટર ઓપરેટર

☐ સીનેમા પ્રોજેક્શન સિસ્ટમનો પુરાવો
- ઉદાહરણમાં સ્થળનો લેઆઉટ ડાયાગ્રામ, ફોટા, સેવાના કરારો, ખરીદીના સમજૂતીઓ અથવા પ્રોજેક્ટર પ્રદાતાના સમજૂતીઓ અથવા ડિજિટલ સીનેમા પ્રમાણીકરણ ફોર્મ સામેલ છે.

☐ માર્કેટિંગની સામગ્રીઓ
- ઉદાહરણોમાં પ્રિન્ટ અથવા ઇલેક્ટ્રોનિક જાહેરાત, જાહેરાત માટેની ચૂકવણીઓની રસીદો, સોશિયલ મીડિયા પૃષ્ઠો વગેરેની નકલોનો સમાવેશ કરે છે જે મોશન પિક્ચરનાં સમયો અને તારીખો, અને ટિકીટનાં ભાવ અથવા પ્રવેશની આવશ્યકતા યાદીગત કરતા હોય જે સામેલ છે.
- જો તમે 2019માં 10 અથવા ઇવેન્ટ્સ કરી હતી તો, તમારી સંસ્થાને શ્રેષ્ઠ રીતે રજૂ કરી શકે તેમ તમને લાગતુ હોય તેવી 10 ઇવેન્ટ્સ માટે સપોર્ટ પ્રદાન કરો.
- જો તમે 10 કરતાં ઓછી ઇવેન્ટ કરી હતી તો, તમામ ઇવેન્ટ્સ માટે સપોર્ટ પ્રદાન કરો.

☐ ફેબ્રુઆરી 2020ના પરફોર્મન્સ માટે બોક્સ ઓફિસ/ટિકિટિંગ માહિતી
- ઉદાહરણોમાં લેજર, આવકના સ્ટેટમેન્ટ્સ, બોક્સ ઓફિસના રિપોર્ટ વગેરે સામેલ છે. તારીખો, કલાકારો અથવા ઇવેન્ટ્સ, ટિકીટનાં ભાવો, અને વેચાણ થયેલી ટિકીટોની સંખ્યા દર્શાવતો હોવો જોઇએ. ફેબ્રુઆરી 2020 નાં તમામ પરફોર્મન્સ માટે રીપોર્ટ પ્રદાન કરો.
- જો ફેબ્રુઆરી 2020 માં સ્થળ કામગીરીમાં હતું પણ કોઇ પરફોર્મન્સ થયા ન હતા, તો જાન્યુઆરી 2019 અને જાન્યુઆરી 2020 વચ્ચેનાં એક મહિનાનો પસંદ કરો અને તે દસ્તાવેજીકરણ પ્રદાન કરો.

## પ્રતિભાનું પ્રતિનિધિત્વ

- ☐ પરફોર્મન્સ આપી રહેલાં ઓછામાં ઓછા બે કલાકારો અથવા મનોરંજકોના પ્રતિનિધિત્વનું નિરુપણ કરતો પુરાવો
  - ઉદાહરણોમાં પ્રતિનિધિત્વ કરવામાં આવતી પ્રતિભા, ઉપયોગમાં લેવામાં આવતા સ્થળો અને બૂકિંગનાં પૂરાવા સાથેની કરારબદ્ધ/કન્સલ્ટનટ સમજૂતીઓ સામેલ છે.
- ☐ પ્રતિનિધિત્વ કરવામાં આવતી વ્યક્તિઓ અને એવા સ્ળોની યાદી જેનાં માટે તેઓને 2019 અને 2020 માં પરફોર્મ કરવા માટે કરારબદ્ધ કરવામાં આવ્યા હોય (કોવિડ-19 નાં કારણે રદ કરવામાં આવેલા પરફોર્મન્સ સહિત)
  - પ્રતિનિધિત્વ કરવામાં આવતી તમામ વ્યક્તિઓ અથવા એક્ટ્સની ક્રોસવોક યાદી અને સ્થળો જેઓનો તેઓ પરફોર્મ કરે તે માટે કરાર કરવામાં આવે છે. આ યાદી 2019 અને 2020 માં પ્રતિનિધિત્વ કરવામાં આવતી તમામ પ્રતિભા, પરફોર્મ કરવા માટે તેઓ સાથે કરાર કરવામાં આવેલા સ્થળો અને પરફોર્મન્સની તારીખનો સમાવેશ થવો જોઇએ (નોંધ જો કોવિડ-19 નાં કારણે પરફોર્મન્સ રદ કરવામાં આવ્યા હોય).